જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૭૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૫૫૦ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૧ કાર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૭૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૭૯/૨૦૨૩

**નરોડાઃ** દશરથભાઇ રામદાસભાઇ પંડ્યા (ઉ.વ.૩૬) (રહે. સંકલ્પ એવન્યુ મહેશ્વરી સોસાયટી પાછળ કઠવાડા રોડ નરોડા) એ તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર-૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા વિઠ્ઠલપ્લાઝાથી આગળ સોલીટેર આર્કેડ નામના કોમ્પ્લેક્ષમાં શ્રી લક્ષ્મી પેરામેડીકલ ઇન્સ્ટીટ્યુટ જી.એમ.એન નર્સીંગ ખાતે ઇંસ્ટીટ્યુટના સંચાલક આરોપી નરેન્દ્રભાઇ પુરોહીત, ઇંસ્ટીટ્યુટના પ્રીન્સી પ્રીન્સીપાલ પ્રીયંકાબહેન પટેલ અને પ્રોફેસર રૂચીતાબેન શાહ નાઓએ ભેગા મળી નર્સીંગના ત્રણ વર્ષના અભ્યાસ કરાવી પાસ કરાવી દેવાનો વિશ્વાસ અને ભરોસો આપી દશરથભાઈ પંડ્યા પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/- તથા અન્ય વિદ્યાર્થી પાસેથી રૂપિયા ૧,૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૫,૦૦૦/- તથા ઓરીજનલ ડોક્યુમેંટ લઇ અભ્યાસ પુરો ન કરાવી ઇંસ્ટીટ્યુટ બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૮૦/૨૦૨૩**

**સેટેલાઇટઃ** દેવાંશુભાઇ રાજેશભાઇ શાહ (રહે. આકાશ રેસીડેન્સી ક્લબ ઓ-૭ રોડ શેલા) એ તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૫/૨૦૨૩ રાતના ૮/૩૦ થી ૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ ઇસ્કોન ચાર રસ્તા દેવાર્ક મોલમાં આવેલ ક્રોમા સ્ટોર ગ્રાઉન્ડ ફ્લોર ઉપર કેમેરાના કાઉન્ટર ઉપર થી વેચાણ સારૂ મુકેલ SONY ML DSLR ILCE 7SM3 કેમેરો કિંમત રૂપિયા ૨,૨૭,૨૭૪/- દેવાંશુંભાઈ શાહની નજર ચુકવી એક પુરૂષ પોતાના શર્ટના અંદર મુકી ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**રાણીપઃ** ભારતીબહેન વા/ઓ દશરથભાઇ પટેલ (ઉ.વ.૬૫) (રહે. અનમોલ બંગ્લોઝ કમુબા પાર્ટી પ્લોટ સામે ન્યુ રાણીપ સાબરમતી) એ તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે રાણીપ સરદાર ચોક ખાતે આવેલ શાકમાર્કેટમાં ભારતીબહેન પટેલની નજર ચુકવી ભારતીબહેન પટેલના હાથમાં પકડેલ પ્લાસ્ટીકની થેલીમાંથી અજાણી વ્યક્તિએ પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૩,૧૫,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૮૮૧/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** જયાબહેન વા/ઓ મહીધરલાલ ભોજક (ઉ.વ.૮૦) (રહે. યોગેશ્વર એપાર્ટમેન્ટ ગાયત્રી એપાર્ટમેન્ટની બાજુમાં સોલા રોડ નારણપુરા) તા.૩૦/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા પારસનગર ત્રણ રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ જયાબહેન ભોજકના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયાબહેન ભોજકે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૮૨/૨૦૨૩**

**માધવપુરાઃ** રોહન બળદેવભાઇ લાડવા (ઉ.વ.૧૭) (રહે. મ્યુનિ.હેલ્થ સ્ટાફ ક્વાર્ટસ સર્વોદય સોસાયટીની બાજુમાં શાહપુર દરવાજા બહાર) એ બિમારીથી કંટાળી તા.૩૧/૦૫/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ધાબા ઉપર બનાવેલ ઓરડીમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

**નિકોલઃ** તરૂણાબહેન બાબુભાઈ મેશવાણીયા (ઉ.વ.૫૦) (રહે. શ્રીજી સંકલ્પ ફ્લેટ બીજો માળ સ્વામિનારાયણ ગુરૂકુલની બાજુમાં નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૩૧/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**નારોલઃ** દિપીકાબહેન ડો/ઓ ખુશાલભાઇ સુમેસરા (ઉ.વ.૧૪) (રહે. અતિથી રેસીડન્સી આકૃતી એપાર્ટમેન્ટની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી